## ફોર્મ–એ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **GJDH060002272025** | | કેસ રજુ તારીખ | ૧૩/૦૨/૨૦૨૫ | | |
| | | કેસ દાખલ તારીખ | ૧૩/૦૨/૨૦૨૫ | | |
| | | ફેસલ તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૧ | ૦૬ | ૦૦ |

**ધાનપુરના પ્રિન્સિપાલ સિવિલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં**

-----------------------------------------

ફોજદારી કેસ નંબર:–૧૬૪/૨૦૨૫

આંક:–૩૧

**<u>ફરિયાદી</u> :–** શ્રી સરકાર

**વિરુધ્ધ.**

**<u>આરોપી</u> :–** દિપાભાઈ ગેમાભાઈ મેડા
રહે.ચીલાકોટા, જુનાગામ ફળીયા, તા. લીમખેડા, જી.દાહોદ

ગુન્હો: ઈ.પી.કો કલમ– ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪,૧૩૪, ૩,૧૮૧ મુજબ...

**–:પક્ષકારો તરફે વિ. ધારાશાસ્ત્રી:–**

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી. એલ. કે. ખરાડી

આરોપી પક્ષે વિ.વ.શ્રી એન.બી.ચૌહાણ

# ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૬/૦૧/૨૦૨૪ |
| ફરીયાદની તારીખ | ૨૬/૦૧/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૩/૦૨/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યા/પ્લી લીધા તારીખ | ૦૭/૧૧/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ |
| ચુકાદો સંક્ષીપ્તમાં રાખ્યા તારીખ | -- |
| ચુકાદાની તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ |
| સજાની હુકમની તારીખ, જો હોય તો | -- |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કો. કલમ: ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દિપાભાઇ ગેમાભાઈ મેડા | ૦૬/૦૩/૨૦૨૪ | ૦૬/૦૩/૨૦૨૬ | ઈ.પી.કો કલમ. ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪, ૩,૧૮૧ મુજબ.. | નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ કરવામાં આવેલ છે. | - | - |

## ફોર્મ–સી

### ફરિયાદપક્ષના સાક્ષીની વિગત:–

| ક્રમ | સાક્ષીઓના નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | નટવરભાઈ રાયસીંગભાઈ સંગાડા | ૧૨ | ફરીયાદી |
| ૨ | અર્જુનભાઈ મલસીંગભાઈ સુવાણ | ૧૪ | સાહેદ |
| ૩ | સુમતભાઈ અભેસીંગભાઈ સંગાડા | ૧૬ | સાહેદ |
| ૪ | વનીતાબેન સુક્રમભાઈ સંગાડા | ૧૭ | સાહેદ |
| ૫ | અભેસીંગભાઈ સીતીયાભાઈ સંગાડા | ૧૮ | સાહેદ |
| ૬ | બુધીયાભાઈ તીતરીયાભાઈ સંગાડા | ૧૯ | સાહેદ |
| ૭ | મુકેશભાઈ ભચલાભાઈ તંબોળીયા | ૨૦ | ગુનાવાળી જગ્યાના પંચસાહેદ |
| ૮ | મુકેશભાઈ પ્રભાતભાઈ પટેલ | ૨૨ | ઈન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ |
| ૯ | સંજયભાઈ ભચલાભાઈ તંબોળીયા | ૨૪ | ઈન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ |
| ૧૦ | દીલીપભાઈ બુધીયાભાઈ સંગાડા | ૨૫ | સાહેદ |
| ૧૧ | રમેશભાઈ ખાપરભાઈ સંગાડા | ૨૬ | સાહેદ |
| ૧૨ | નયનસિંહ નાગભાઈ પરમાર | ૩૦ | ત.ક.અ |

### ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવાની વિગત:–

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૩ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૧ |
| ૩ | ઈન્કવેસ્ટ પંચનામું | ૨૩ |
| ૪ | અર્જુનાભાઇ નુ એમ.એલ.સી દાહોદ | ૨૭ |

| | | |
|---|---|---|
| ૫ | અર્જુનભાઇ નું એમ.એલ.સી વડોદરા | ૨૮ |
| ૬ | મૃત્યુ પામનાર શુક્રમભાઇની પી.એમ નોટ | ૨૯ |

**<u>બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો:–</u>**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:–</u>**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>મુદ્દામાલની વિગત:–</u>**

| અનુ. નં. | વિગત |
|---|---|
| – | – |

**// જજમેન્ટ//**

**(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત:–** તારીખ ૨૬/૦૧/૨૦૨૪ ના કલાક ૧૫/૦૦ વાગ્યે મોજે ભોરવા ડોગઝર મહુડા પાસે લીમખેડા–ધાનપુર મેન રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની મો.સા એચ.એફ.ડીલક્ષ નં. જી.જે.૨૦.એ.એલ ૩૨૫૧ ના ચાલક ડ્રાઈવરે તેના કબજાની મો.સા રોંગ સાઈડમાં પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરીયાદીના ભાઈની મો.સા હોન્ડા સાઈન જી. જે. ૨૦ બી.એ ૧૩૫૩નાને ટકકર મારતા ફરીયાદીના ભાઈ સુક્રમભાઇ રાયસીંગભાઈ સંગાડાનાને માથામા તથા શરીરે ગંભીર ઈજાઓ કરી મરણ ગયેલ હોય તથા ફરીયાદીના પાડોશી અર્જુનાભાઈને કપાળે તથા શરીરે ઈજાઓ કરી તથા પોતાના શરીરે પણ ગંભીર ઈજાઓ કરી ઈ.પી.કો કલમ– ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા

એમ.વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪,૧૩૪, ૩,૧૮૧ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓ કરેલ છે.

**(૨) પોલીસ કાર્યવાહી:–** આમ, ઉપરોકત હકિકત મુજબની ફરીયાદ ફરીયાદએ ધાનપુર પોલીસ સ્ટેશનમાં કરતા ધાનપુર પો.સ્ટે ગુ.ર.ન. ૧૧૮૨૧૦૧૪૨૪૦૧૦૦/૨૦૨૫ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરૂધ્ધની ધાનપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતાઈ.પી.કો કલમ– ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪,૧૩૪, ૩,૧૮૧ મુજબનાં ગુનાનું ચાર્જશીટ નામ.કોર્ટમાં દાખલ કરેલ છે.

**(૩) કોર્ટ કાર્યવાહી:–** ત્યારબાદ આરોપી સામે સમન્સ કાઢતાં તે અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ , તેમની વિરૂધ્ધના ગુનાઓ સબબ આગળની કાર્યવાહી ચાલુ કરી આરોપીની **આંક– ૦૬** હેઠળ પ્લી નોંધવામાં આવેલ જેમાં આરોપીએ તહોમતની કબુલાતનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી ફરીયાદપક્ષને પુરાવો રજુ કરવા જણાવેલ. ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો નોંધી ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**(૪) ફરીયાદપક્ષનો પુરાવો:–** ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં ઉપર ફોર્મ–સી માં જણાવેલ કોષ્ટક મુજબના પુરાવા રજૂ કરવામાં આવેલા છે.

ઉપરોકત પુરાવા રજુ કર્યાબાદ ફરીયાદી વધુ પુરાવો આપવા માંગતા નથી તેમ જણાવતા હોય ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે.

**(૫) બચાવપક્ષનો પુરાવો:–** આ કામે બચાવપક્ષે પોતાનો કોઈ પુરાવો રજૂ

રાખેલ નથી.

**(૫) આરોપીનું વિશેષ નિવેદન:-** બાદ આરોપી વિરૂધ્ધ વિશેષ નિવેદન નોધવાલાયક પુરાવા રેકર્ડ ઉપર આવતા હોય ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો તેમના રૂબરુ, દેખતા ને સાંભળતાં લેવામાં આવેલ હોવાનો સ્વીકાર કરી, બાકીના કેટલાક પ્રશ્નોનો ઈન્કાર કરી, સદર આરોપી સોગંદ ઉપર જુબાની આપવા નથી માંગતા તેમજ તેમના તરફે બચાવના સાહેદો પણ તપાસવા માગતા નથી તેમ જણાવી વિશેષમાં તેઓ જણાવે છે કે, "અમે કોઈ ગુનો કરેલ નથી, ખોટી રીતે અમોને આ કેસમાં સંડોવી દેવામાં આવેલ છે." તેમ જણાવેલ છે.

**(૭) દલીલો:-** ત્યારબાદ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એલ.કે.ખરાડીનાઓ ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, '' આ કામના આરોપીએ પોતાનુ વાહન પૂરઝડપે, બેદરકારીથી ચાલવી ફરીયાદીના ભાઈની મો.સા સાથે અકસ્માત કરી  સાહેદ સુક્રમભાઈનાઓને ઈજાઓ થવાથી તે મરણ ગયેલ હોય તેમજ સાહેદ અર્જુનભાઈનાઓને પણ ઈજાઓ કરેલ છે જે બાબતે ફરીયાદી તથા સાહેદો તથા ત.ક.અ. નાઓની જુબાનીઓથી ફરીયાદપક્ષને સંપૂર્ણ સમર્થન મળે છે. તેમજ પંચનામાથી પણ સદર હકિકતને સમર્થન મળે છે, તેમજ ફરીયાદી સાહેદોના પુરાવા અને રજુ કરેલ મેડીકલ સર્ટીફીકેટથી પણ સમર્થન મળે છે અને સાહેદને અકસ્માતમાં ઈજા થયેલ હોવાનું પુરવાર થયેલ છે. જેથી હાલના આરોપી વિરૂધ્ધનો કેસ બધી જ શંકાથી પર સાબિત કરેલ હોય આરોપીને સખત સજા કરવા વિનંતી કરેલ છે''.

ત્યારબાદ અરોપીના વિ.વ.શ્રી એન.બી.ચૌહાણ ધ્વારા દલીલો કરવામાં આવેલ છે કે, '' હાલના કામે ત.ક.અ ને બાદ કરતા ફરીયાદી સહીત તપાસવામાં આવેલ તમામ સાહેદોએ ફરીયાદપક્ષની હકકીતને સમર્થન આપતા નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. જયારે આ કામે ફરીયાદપક્ષ જે પંચનામા ઉપર આધાર રાખેલ છે તે

પંચનામાના પંચસાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને પંચનામાને સમર્થન કરતા નથી તેથી પંચનામું માનવાપાત્ર નથી અને આ કામના આરોપીએ હાલનો કોઈ ગુનો કરેલ ન હોય તેમને ગુનામાં ખોટી રીતે સંડોવી દિધેલ હોય તથા સદર કામે ફરીયાદપક્ષે તપાસેલ તમામ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષ શંકાથી પર આરોપી સામેનો કેસ સાબિત કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે''.

ઉપરોકત બંનેપક્ષોની દલીલો રજૂ કરેલ છે જે ન્યાયિક નિર્ણય કરતી વખતે ધ્યાનમાં લીધેલ છે.

(૮) આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલના કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**::– મુદ્દાઓ –::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ઈ.પી.કો કલમ– ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪,૧૩૪, ૩,૧૮૧ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલો છે?

૨. શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–:નિર્ણયો:–**

**મુદ્દા નં.૧ :–** નકારમાં

**મુદ્દા નં.૨ :–** આખરી હુકમ મુજબ

**-::પુરાવાનું મુલ્યાંકન::-**

**-:કારણો:-**

**મુદ્દા નં.૧ ની ચર્ચા:-**

(૧૦) આ કામે ફરીયાદપક્ષ પોતાનાં કેસની હકિકતો સાબિત કરવા માટે ફરીયાદી અને સાહેદોનો પુરાવો, પોલીસ અધિકારીનો પુરાવો વગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવા ફરીયાદપક્ષે રજૂ કરવામાં આવેલા છે.

એવીડન્સ એટકની કલમ-૧૦૧ ઘ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે.

આ કામે બંને પક્ષે પોતાનો પક્ષ રજુ કરવામાં સંપૂર્ણ મહેનત કરેલ છે અને કોર્ટ દ્વારા તેની નોંધ લેવામાં આવેલ છે. આ કેસનો જયારે મારી સમક્ષ ન્યાયિક નિર્ણય લેવાનો સમય આવ્યો છે, **ત્યારે મારા માનસ ઉપર ઉપનિષદનો શ્લોક ધ્યાનમાં આવે છે તેમજ વેદમાં જણાવેલ છે તે અન્વયે ઉપનિષદમાં જણાવેલ છે કે, Law is the kings, far more powerful then king. Nothing can be mightier then law by whose strength weak may prevail or the strong.** આ સિધ્ધાંતની ચર્ચા વર્ષો પહેલા કાયદાની નિતી માટે પ્રસ્થાપિત થયેલ છે. તે અન્વયે જોઈએ તો રાજા હોય કે રંક બધા માટે ન્યાય સમાન ધોરણે મળવો જોઈએ અને આ ન્યાય કરતી વખતે વ્યકિત વિશે પ્રિજયુડાઈસ અથવા પર્સનલ બીલીકુના આધારે કોઈ વ્યકિતને ગુનેગાર કે નિર્દોષ ઠરાવવો તે યોગ્ય અને ન્યાયોચિત ગણી ન શકાય. કાયદાની દષ્ટિએ માત્રને માત્ર યોગ્ય વ્યકિતને ન્યાય મળવો જોઈએ તેવું કાયદાના સ્થાપિત સિદ્ધાંતોમાં દર્શાવેલ છે તે પણ આ કામના ન્યાયિક નિર્ણય કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવેલ છે.

## –:: પુરાવાનાં મુલ્યાંકન માટેનાં પાયાનાં સિધ્ધાંતો ::–

પુરાવા અન્વયે ભારતીય પુરાવા અધિનિયમમાં વિસ્તૃત હકિકતો વર્ણવામાં આવેલ છે. પુરાવા કેવા પ્રકારના હોય તે પણ વર્ણવામાં આવેલ છે. અત્રેના કેસમાં ક્રિમીનલ ટ્રાયલ સંબંધેની વાત કરવાની હોય ત્યારે ક્રિમીનલઅત્રેના કેસમાં ક્રિમીનલ ટ્રાયલ સંબંધેની વાત કરવાની હોય ત્યારે ક્રિમીનલ જયુરીસ્પુન્ડટ પ્રમાણે સમગ્ર કેસ સાબિત કરવાની જવાબદારી પ્રોસીકયુશનનાં ખંભે હોય અને તેણે પોતાનો કેસ **Beyond reasonable doubt** ના આધારે જોઈએ તો પ્રોસીકયુશને ફોજદારી કાર્યરિતીમાં શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો હોય છે. **Burden** કયારે પણ આરોપી ઉપર શિફટ થતું નથી સિવાય કે આરોપીએ એવીડન્સ એકટની કલમ–૧૦૩ અન્વયે **plea of alibi** લીધેલ હોય. પ્રોસીકયુશને પોતાનો કેસ **Beyond all shadow of doubt** સાબિત કરવાનો હોય છે અને પ્રોસીકયુશને પોતાનો કેસ પોતાના પગ ઉપર ઉભા રહી સાબિત કરવાનો હોય છે નહીં કે આરોપી પક્ષની નબળાઈનો ફાયદો લેવાનો હોય, એવીડન્સ એકટની કલમૂ=૧૩૪ ધ્યાને લેવામાં આવે તો, પુરાવાની ગુણવત્તા મહત્વની છે નહીં કે તેની સંખ્યા. આ ઉપરાંત ક્રિમીનલ ટ્રાયલનો પાયાનો જે સિધ્ધાંત છે. **"Another Golden thread which Runs through the web of the Administration of Justice in Criminal cases is that If two views are Possible on the evidence Adduced in the case, One point to the guilt of the accused and the other to his Innocent the views which is Favorable to the accused accepted."** તે સિદ્ધાંત પણ ન્યાયીક નિર્ણય કરતી વખતે ધ્યાને લેવો જોઈએ. આ ઉપરોકત જણાવેલ સિધ્ધાંતો ટ્રાયલ માટે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તે ધ્યાને લીધેલ છે.

**પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અન્વયે નામ. સુપ્રિમકોર્ટનું અવલોકન :–**

૧. ગણેશ કે. ગુલ્વે વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, એ.આઈ.આર. ૨૦૦૨ સુ.કોર્ટ પાનાં નં. ૩૦૬૮ આ જુ મેન્ટમાં ઠરાવેલ છે પુરાવાના

મુલ્યાંકનમાં વિશાળતા જોવી જોઈએ. આ જજમેન્ટના પેરા ૧૪ માં ઠરાવેલ છે કે, **the court is required to bear in mind the set up and the environment in which the crime is committed. The level of understanding of the witness. The over zealousness of some of near relations to ensure that every one even remotely connected with the crime be also convicted. Everyone's different way of narration for same facts. The court said that these are only illustrative instances. Bearing in mind these broad principle, the evidence is required to be appreciated to find out what part of evidence represents the true and correct state of affairs. It is for the court to separate the gain from the chaff.**

આ નામદાર સુપ્રિમ કોર્ટનાં ઠરાવનો સાર ધ્યાને લેવામાં આવે તો, જયારે પુરાવાનું મુલ્યાંકન કોર્ટ કરે ત્યારે તે પુરાવાનાં ભાગમાં સત્યતા અને ખરાપણું જણાતું હોય તેને કોર્ટે શોધવું જોઈએ અને વધુમાં જણાવે છે કે, દાણા અને ફોતરા અલગ-અલગ કરવાનું કામ કોર્ટે કરવાનું હોય છે.

આમ, ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને રાખી નીચે મુજબ પુરાવા તથા જોગવાઈઓનું સંયુકત રીતે મુલ્યાંકન કરવામાં આવેલ છે.

## (૧૧)ફરિયાદી તથા સાહેદોનો પુરાવો તથા તેનું મુલ્યાંકન :-

### -: ફરીયાદપક્ષે મૌખીક પુરાવા:-

### (૧૧.૧) ફરીયાદીની જુબાની:-

આ કામે મુળ ફરીયાદી:- **નટવરભાઈ રાયસિંગભાઈ સંગાડાનાઓને** આંક-૧૨ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, '' બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલા છવ્વીસમી જાન્યુઆરીના દિવસે આશરે ત્રણેક વાગ્યાના અરસામાં ભોરવા સ્ટેશન પાસે બનેલો. બનાવવાળા દિવસે હું દુધામલી ગામે ક્રિકેટ રમવા ગયેલો હતો તે વખતે મારા સંબંધીનો મારા પર ફોન આવેલો અને જણાવેલ કે

તારા ભાઈ સુક્રમભાઈનું ભોરવા સ્ટેશન પાસે અકસ્માત થયેલ છે તેવુ જણાવેલ. મને જાણ થતા હું તથા મારા મોટાભાઈ નો છોકરો બનાવવાળી જગ્યાએ આવેલ. મે ત્યા આવીને જોયુ તો મારા ભાઈ રસ્તાની વચ્ચે પડેલા હતા અને તેને માથાના ભાગે વાગેલ હતુ અને તે મરણ ગયેલ હતો. મારા ભાઈની સાથે અર્જુનભાઇ હતા તેઓને પણ ઈજાઓ થયેલી હતી અને તેમને ૧૦૮ માં આગાસવાણી સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા. બનાવવાળી જગ્યાએ મે બીજુ કાઈ જોયુ નહી. બનાવ બન્યાના સાંજના સાતેક વાગ્યાના અરસામાં મે ધાનપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. આ અકસ્માત સામ સામે બે બાઈકો વચ્ચે થયેલો સામેવાળી બાઈકનો નંબર કે તેના ચાલકનું નામ મને ખબર નથી. મે આપેલી અસલ ફરીયાદ આજરોજ મને બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે ઓળખું  છે જે ફરીયાદને દાખલ આંક–૧૩ આપવામાં આવેલ છે.''

સદર ફરીયાદી તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા (હોસ્ટાઈલ) જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ અન્વયે એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા સદર સાહેદે એવુ જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારી ફરીયાદમાં મો.સાનો નંબર જી.જે.૨૦ એ.એલ.૩૨૫૧ નો લખાવેલો. જયારે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકિકત સ્વીકારેલ છે  કે, '' એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં અકસ્માત કરનાર મોટર સાયકલનો નંબર લખાવેલ નહી કે તેનો નંબર જોયેલો નહી. એ વાત ખરી છે કે બનાવ વખતે હું દુધામલી ગામે ક્રિકેટ રમતો હતો. એ વાત ખરી  છે કે હું ક્રિકેટ રમતો હતો એટલે બનાવ બનતા મે નજરે જોયેલો નહી. એ વાત ખરી છે કે મરણ જનાર સુક્રમભાઈ મારા ભાઈ થાય છે. સુક્રમભાઈ ધોરણ–૦૫ સુધી ભણેલા હતા. એ વાત ખરી છે કે અકસ્માત વખતે જે બાઈક ચલાવતા હતા

તે બાઈક સુક્રમભાઈ ની માલીકીનું ન હતુ તથા સુક્રમભાઈ પાસે બાઈક ચલાવવાનું ડ્રાઈવીંગ લાઈસન્સ ન હતુ. એ વાત ખરી છે કે સુક્રમભાઈએ તેમની માલીકીની નવી બાઈક લીધેલ હતી પરંતુ તે બાઈક તેઓ ચલાવતા ન હતા. એ વાત ખરી નથી કે સુક્રમભાઈને તેમની નવી બાઈક ચલાવતા ફાવતુ ન હોય જેથી તે બાઈક તેઓ ચલાવતા ન હતા. એ વાત ખરી છે કે સુક્રમભાઈ પાંચ ધોરણ સુધી ભણેલા હોવાથી તેમને અંગ્રેજી ભાષા આવડતી ન હતી. એ વાત ખરી છે કે ડ્રાઈવીંગ લાઈસન્સ કડાવવુ હોય તે માટેનો ટેસ્ટ પાસ કરવો પડે. એ વાત ખરી છે કે વળતર માટે કેસ કરેલો છે. એ વાત ખરી નથી કે મે એવુ જાણેલુ કે સુક્રમભાઈ બાઈકની પાછળ બેસેલા હતા''.

## (૧૧.૨) <u>ફરિયાદ પક્ષ તરફે સાહેદોની જુબાની:–</u>

(૧૧.૨.૧) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૪ થી **સાહેદ અર્જુનભાઈ મલસીંગભાઈ સુવાણનાઓને** સોગંદ ઉપર તપાસવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ''બનાવ આથી બે વર્ષ અને ત્રણ મહિના પહેલા બનેલો. બનાવ વાળા દિવસે હું તથા સુક્રમભાઈ બંન્ને જણા મારી બાઈક લઈને સજોઈ ગામે ક્રિકેટ રમવા માટે આવતા હતા તે વખતે ડોગઝર સ્ટેશને દુકાન ઉપર વિમલ ખાવા ઉભા રહેલા અને વિમલ ખાઈ ને અમારી મોટર સાયકલ લઈને સો એક ફુટ દુર ગયેલા તે વખતે ધાનપુર બાજુથી એક મોટર સાયકલ આવી અમોને અકસ્માત કરી દીધેલો પછી મને ઈજા થવાથી હું બે ભાન થઈ ગયેલો અને પંદર દિવસ પછી મને ભાન આવેલુ અને મારી સાથેના સુક્રમભાઈનું મરણ થઈ ગયેલુ તેવુ મને જાણવા મળેલુ. અકસ્માત કરનાર મોટર સાયકનો ચાલક કોણ હતો અને મોટર સાયકલનો નંબર શું હતો તેની મને પાછળથી પણ જાણ થયેલી નહી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો''.

સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા (હોસ્ટાઈલ) જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ અન્વયે એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા સદર સાહેદે એવુ જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના જવાબમાં અકસ્માત કરનાર મોટર સાયકલ એચ.એફ ડિલક્ષ હતી અને તેનો નં. જી.જે.૨૦ એ.એલ.૩૨૫૧ ના લખાવેલો. જયારે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકિકત સ્વીકારેલ છે કે,''એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના જવાબમાં અકસ્માત કરનાર મોટર સાયકલનો નંબર લખાવેલ નહી કે તેનો નંબર જોયેલો નહી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ વાળા રસ્તા ઉપર દિવસ દરમ્યાન ઘણા બધા માણસો અને વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે હું બે–ભાન થઈ ગયેલો એટલે બનાવ વિશે મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે પોલીસે માત્ર મારું નામ સરનામું પુછેલુ એ સિવાય બીજુ કઈ પુછેલુ નહી. એ વાત ખરી છે કે બનાવ બન્યાના પંદર દિવસ બાદ પોલીસે મારો જવાબ લીધેલો. એ વાત ખરી છે કે વળતર લેવા માટે કેસ કરેલો છે''.

(૧૧.૨.૨) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૬ થી **સાહેદ સુમતભાઇ અભેસીંગભાઈ સંગાડાનાઓને** સોગંદ ઉપર તપાસવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,''બનાવ આથી ત્રણેક વર્ષ પહેલા બારેક વાગ્યાના અરસ્સામાં બનેલો. બનાવ વાળા દિવસે હું ભોરવા સુનીલભાઈની દુકાને હતો તે વખતે સુક્રમભાઈ અને અર્જુનભાઈ બંન્ને જણા મોટર સાયકલ લઈને જતા હતા તે વખતે એક મોટર સાયકલ સાથે અકસ્માત થતા હું ત્યા દોડીને જોવા માટે ગયેલો. ત્યા જઈને જોયુ તો અર્જુનભાઈ અને સુક્રમભાઈ બંન્ને જણા નીચે પડેલા હતા

અને ત્યા અકસ્માત કરનાર મોટર સાયકલ અને સુકમભાઈની મોટર સાયકલ પડેલી હતી. જે મોટર સાયકલોનો નંબર મે જોયેલો નહી. પછી ૧૦૮ ને ફોન કરી અર્જુનભાઈ ને અગાસવાણી સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા અને સુક્રમભાઈ સ્થળ ઉપર મરણ ગયેલા. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો. અકસ્માત કરનાર મોટર સાયકનો ચાલક કોણ હતો અને મોટર સાયકલનો નંબર શું હતો તેની મને પાછળથી પણ જાણ થયેલી નહી''.

સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા (હોસ્ટાઈલ) જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ અન્વયે એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા સદર સાહેદે એવુ જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના જવાબમાં અકસ્માત કરનાર મોટર સાયકલ એચ.એફ ડિલક્ષ હતી અને તેનો નં. જી.જે.૨૦ એ.એલ.૩૨૫૧ ના લખાવેલો. જયારે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકિકત સ્વીકારેલ છે કે,'' એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના જવાબમાં અકસ્માત કરનાર મોટર સાયકલનો નંબર લખાવેલ નહી કે તેનો નંબર જોયેલો નહી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ વાળા રસ્તા ઉપર દિવસ દરમ્યાન ઘણા બધા માણસો અને વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ વાળી જગ્યા ઉપર આજુ બાજુ દુકાનો અને ગલ્લા પણ આવેલા છે. એ વાત ખરી છે કે હું બનાવ વાળી જગ્યાએ ગયો ત્યારે સુક્રમભાઈને મરણ ગયેલ હાલતમાં જોયેલા તે સિવાય બીજુ કઈ જોયેલુ નહી. એ વાત ખરી છે કે સુક્રમભાઈ જે દિવસે મરણ ગયેલા તે દિવસે તેમનો અગ્ની સંસ્કાર કરેલો નહી બીજા દિવસે બપોરે અગિયાર બાર વાગ્યે અગ્ની સંસ્કાર કરેલો. એ વાત ખરી છે કે બીજા દિવસે સુક્રમભાઈનો

અગ્ની સંસ્કાર થયો ત્યા સુધી હુ ઘરે હતો. એ વાત ખરી છે કે અગ્ની સંસ્કારની વિધીમાં અમો તથા અમારા કુંટુંબના પ્રદિપભાઈ મગનભાઈ, મુકેશભાઈ ભચલાભાઈ, બુધીચાભાઈ તીતરીચાભાઈ, દિલીપભાઈ બુધીચાભાઈ, અભેસીંગભાઈ સીતીચાભાઈ નાઓ પણ હાજર હતા. એ વાત ખરી છે કે અગ્ની સંસ્કારની વિધીમાં ત્રણ–ચાર વાગી ગયેલા. એ વાત ખરી છે કે અગ્ની સંસ્કારની વિધિ પતાવી અમે બધા પોત પોતાના ઘરે જતા રહેલા. એ વાત ખરી છે કે અમે તથા અમારા કુંટુંબના માણસો અગ્ની સંસ્કારના દિવસે આખો દિવસ અમારા ગામમા હતા બીજે કયાંય ગયેલા નહી. એ વાત ખરી છે કે સુક્રમભાઈ જાતે તેમની બાઈક પરથી પડી ગયેલા તેથી મરણ ગયેલા. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ના હોવા છતા ફરીયાદી મારા કુંટુંબના હોય તેમના સમર્થનમાં આજ રોજ ખોટી જુબાની આપુ છુ''.

(૧૧.૨.૩) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૭ થી **સાહેદ વનીતાબેન સુક્રમભાઈ સંગાડાનાઓને** સોગંદ ઉપર તપાસવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,''બનાવ તા.૨૬મી જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ બનેલો. બનાવ વાળા દિવસે હું ઘરે હતી તે વખતે મારા ઘરવાળા સુક્રમભાઈ અને અર્જુનભાઈનાઓ અર્જુનભાઈની મોટર સાયકલ લઈ બહાર ગયેલા. ભોરવા આવતા બાઈક સાથે અકસ્માત થયેલો. બનાવની જાણ થતા હું બનાવ વાળા સ્થળે ગયેલી ત્યાં મારા ઘરવાળા સુક્રમભાઈ અને અર્જુનભાઈ પડેલા હતા અને સુક્રમભાઈ ત્યા સ્થળ પર મરણ ગયેલા. મે ત્યા બનાવ વાળા સ્થળ ઉપર બીજી કોઈ ચીજવસ્તુ જોયેલી નહી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો નહી''.

સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા (હોસ્ટાઈલ) જાહેર કરી ભારતીય સાક્ષ્ય

અધિનિયમની કલમ–૧૫૭ અન્વયે એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા સદર સાહેદે એવુ જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના જવાબમાં અકસ્માત કરનાર મોટર સાયકલ એચ.એફ ડિલક્ષ હતી અને તેનો નં. જી.જે.૨૦ એ.એલ.૩૨૫૧ ના લખાવેલો. જયારે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૧.૨.૪) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૮ થી **સાહેદ અભેસીંગભાઈ સીતીયાભાઇ સંગાડાનાઓને** સોગંદ ઉપર તપાસવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,''બનાવ આથી તા.૨૬મી જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ બપોરે બે થી અઢી વાગ્યાના અરસ્સામાં બનેલો. બનાવ વાળા દિવસે હું ઝાલોદ હતો તે વખતે મારી ઘર વાળીનો ફોન આવેલો અને મને જણાવેલ કે ડોગઝર મહુડા પાસે સુક્રમભાઈનું બે બાઈકો વચ્ચે અકસ્માત થયો છે એવુ જણાવતા હું પછી ઘરે આવેલો તે પછી રાછવા સરકારી દવાખાનમાં સુક્રભાઈનું પી.એમ. થતુ હતુ ત્યા આવેલો. પછી ધાનપુર પોલીસ સ્ટેશને આવેલા અને મને પોલીસ સ્ટેશનમાં સહી કરાવેલી પછી હું બનાવ વાળી જગ્યાએ ગયેલો ત્યાં મોટર સાયકલો પડેલી જોયેલી તેમનો નંબર મે જોયેલો પણ હાલ તે નંબર મને યાદ નથી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો નહી''.

સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા (હોસ્ટાઈલ) જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ અન્વયે એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા સદર સાહેદે એવુ જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના જવાબમાં અકસ્માત કરનાર મોટર સાયકલ એચ.એફ ડિલક્ષ હતી અને તેનો નં. જી.જે.૨૦ એ.એલ.૩૨૫૧ ના લખાવેલો. જયારે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ

ઉલટતપાસમાં એવી હકિકત સ્વીકારેલ છે કે,'' એ વાત ખરી છે કે બનાવ વાળા સમયે હું ઝાલોદ હતો તેથી મે બનાવ નજરે જોયેલો નહી. એ વાત ખરી છે કે સુક્રમભાઈ જે દિવસે મરણ ગયેલા તેના બીજા દિવસે તેમનો અગ્ની સંસ્કાર કરેલો તેમા હું આખો દિવસ રોકાયેલો બીજે કઈ ગયેલો નહી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ વાળા દિવસે હું ઝાલોદથી સાંજે સાત−આઠ વાગ્યે મારા ઘરે આવેલો અને પછી રાછવા સરકારી દવાખાને ગયેલો. એ વાત ખરી છે કે રાછવાથી લાશ લઈને ઘરે આવેલા. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ના હોવા છતા ફરીયાદી મારા કુંટુંબના હોય તેમના સમર્થનમાં આજ રોજ ખોટી જુબાની આપુ છુ.''

(૧૧.૨.૫) આ કામે ફરીયાદપક્ષે આંક−૧૯ થી **સાહેદ બુધીયાભાઈ તીતરીયાભાઇ સંગાડાનાઓને** સોગંદ ઉપર તપાસવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,''બનાવ આથી બે એક વર્ષ પહેલા બનેલો. બનાવ વાળા દિવસે હું મારા ઘરે હતો તે વખતે સાંજના પાંચેક વાગ્યાના અરસ્સામાં ડોગઝર બસ સ્ટેન્ડની પાસે બે બાઈકો નો અકસ્માત થયેલો અને બધા બનાવ વાળા સ્થળે દોડીને જતા હોય તેથી હું પણ ત્યા દોડીને ગયેલો. મે ત્યા જઈને જોયુ ત્યારે સુક્રમભાઈ પડેલા હતા અને તેમને મોઢા માંથી લોહી નીકળતુ હતુ અને બાજુમાં એક મોટર સાયકલ પડેલી હતી જે મોટર સાયકલનો નંબર મે જોયેલો નહી. સુક્રમભાઈ સ્થળ ઉપર મરણ ગયેલા. બનાવ બાબતે પોલીસે મારો કોઈ જવાબ લીધેલો નહી. અકસ્માત કરનાર મોટર સાયકનો ચાલક કોણ હતો અને મોટર સાયકલનો નંબર શું હતો તેની મને પાછળથી પણ જાણ થયેલી નહી.''

સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા (હોસ્ટાઈલ) જાહેર કરી ભારતીય સાક્ષ્ય

અધિનિયમની કલમ–૧૫૭ અન્વયે એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા સદર સાહેદે એવુ જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના જવાબમાં અકસ્માત કરનાર મોટર સાયકલ એચ.એફ ડિલક્ષ હતી અને તેનો નં. જી.જે.૨૦ એ.એલ.૩૨૫૧ નો લખાવેલો. જયારે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકિકત સ્વીકારેલ છે કે,'' એ વાત ખરી છે કે સુક્રમભાઈ જે દિવસે મરણ ગયેલા તેના બીજા દિવસે તેમનો અગ્ની સંસ્કાર કરેલો તેમા હું આખો દિવસ રોકાયેલો બીજે કઈ ગયેલો નહી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ના હોવા છતા ફરીયાદી મારા કુંટુંબના હોય તેમના સમર્થનમાં આજ રોજ ખોટી જુબાની આપુ છુ.''

(૧૧.૨.૬) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૫ થી **સાહેદ દીલીપભાઈ બુધીચાભાઈ સંગાડાનાઓને** સોગંદ ઉપર તપાસવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,''બનાવ કેટલા વર્ષ પહેલા બનેલો બનેલો તે મને હાલ યાદ નથી. બનાવ સમયે હું મજુરી કામે કાઠીયાવાડ હતો તે વખતે મારા પર ફોન આવેલો અને જણાવેલ કે સુક્ર મભાઈનું ભોરવા સ્ટેશન પાસે અકસ્માત થયેલ છે તેવી જાણ થતા હું મારા ઘરે આવી સુક્રમભાઈની સમશાન વિધીમાં ગયેલો. સુક્રમભાઈ ને કયા અને કેવી રીતે ઈજા થયેલી તે મે જોયેલી નહી. અકસ્માત કોની સાથે થયેલો તેની પણ મને જાણ નથી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.''

સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા (હોસ્ટાઈલ) જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ અન્વયે એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા સદર સાહેદે એવુ જણાવેલ છે કે,'' એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના જવાબમાં બનાવ સમયે હું

મારા ઘરે હતો તે વખતે મને વાતો વાતથી જાણવા મળેલ કે સુક્રમભાઈ ભોરવા ડોગઝર મહુંડા પાસે અકસ્માત થયેલી છે તેવી જાણ થતા હું ત્યા ગયેલો અને ત્યા જોયુ ત્યારે સુક્રમભાઈને માથાના ભાગે તેમજ ડાબી આંખ ઉપર તેમજ જમણા પગે ઈજા થયેલી હતી અને તેઓ મરણ ગયેલા હતા. અકસ્માત કરનાર મોટર સાયકલ એચ.એફ ડિલક્ષ હતી અને તેનો નંબર– જી.જે.૨૦. એ.એલ.૩૨૫૧ નો લખાવેલો.'' જયારે આ કામના સાહેદની બચાવપક્ષે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૧.૨.૭) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૬ થી **સાહેદ રમેશભાઈ ખાપરભાઈ સંગાડાનાઓને** સોગંદ ઉપર તપાસવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,'' બનાવ કેટલા વર્ષ પહેલા બનેલો બનેલો તે મને હાલ યાદ નથી. બનાવ સમયે હું માર ઘરે હતો તે વખતે વાતો વાતો થી જાણવા મળેલ કે સુક્રમભાઈનું ભોરવા સ્ટેશન પાસે અકસ્માત થયેલ છે તેવી જાણ થતા હું બનાવ વાળી જગ્યાએ જઈને જોયુ તો રોડની જમણી બાજુ સુક્રમભાઈ મરેલી હાલતમાં પડેલા હતા અને તેમની બાજુમાં મોટર સાયકલ પડેલી હતી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.''

સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા (હોસ્ટાઈલ) જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ અન્વયે એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા સદર સાહેદે એવુ જણાવેલ છે કે,''એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના જવાબમાં એવી હકીકત જણાવેલ કે અકસ્માત કરનાર મોટર સાયકલ એચ.એફ ડિલક્ષ હતી અને તેનો નંબર– જી.જે.૨૦. એ.એલ.૩૨૫૧ નો લખાવેલો.'' જયારે સદર સાહેદની બચાવપક્ષે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**<u>(૧૧.૩) ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદોની જુબાની:–</u>**

(૧૧.૩.૧) ફરીયાદપક્ષે આંક–૨૦ થી પંચસાહેદ **મુકેશભાઈ ભચલાભાઈનાઓને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,'' પોલીસે મને ભોરવા બસ સ્ટેશન પાસે પંચમાં રહેવા બોલાવેલા. ત્યા એક તૈયાર લખેલા પંચનામા સહી કરવાનુ કહેતા મે મારી સહી કરી આપેલી તે સીવાય પંચનામા વીશે હુ કશુ જાણતો નથી. આજરોજ મને ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા પંચ નં–૨ તરીકે મારી સહી છે .જે હુ ઓળખુ છુ. જે પંચનામાને રજુ દાખલ આંક–૨૧ આપવામા આવે છે. પોલીસે મારી હાજરીમા કોઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી.''

સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા (હોસ્ટાઈલ) જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ અન્વયે એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા સદર સાહેદે એવુ જણાવેલ છે કે ''એ વાત ખરી નથી તારીખ: ૨૭/૦૧/૨૦૨૪ ના રોજ પોલીસે મને ભોરવા ગામે ડોગઝર મહુડા ફળીયાના રોડ ઉપર પંચમાં રહેવા બોલાવેલા. ત્યા આ કામના ફરીયાદી નટવરભાઈ રાયસીંગભાઈ સંગાડાનાઓ હાજર હોય તેમણે ગુનાવાળી જગ્યા બતાવેલી. તે જગ્યા જોતા ભોરવા ગામે ડોગઝર મહુડા ફળીયામાં લીમખેડાથી ધાનપુર જતા પાકા ડામર રોડ પર આવેલી હતી. ત્યા કોઈ નોંધપાત્ર નિશાનો જણાય આવેલા નહી. જે રોડ જોતા ૨૨ ફુટ પહોળો હતો. રોડ ઉપર જોતા લોહી જેવુ સુકાઈ ગયેલુ જણાય આવેલુ અને રોડની સાઈડમાં વાહનના તુટેલા પ્લાસ્ટીક તથા ફાઈબરના ટુકડા પડેલા હતા અને આજુ બાજુ ખુલ્લા ખેતરો આવેલા હતા. પોલીસે ગુનાવાળી

જગ્યાએથી કોઈ પણ ચીજવસ્તુ કબ્જે કરેલી નહી. પોલીસે ગુનાવાળી જગ્યાનું પંચનામું મારી હાજરીમાં કરેલુ અને જેમાં મે સહી કરેલી.'' જયારે સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે પંચનામા વીશે મને કોઈ જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે પંચનામુ પોલીસે મને વાંચી સભંળાવેલુ નહી.''

(૧૧.૩.૨) ફરીયાદપક્ષે આંક–૨૨ થી ઈન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ **મુકેશભાઈ પ્રભાતભાઈ પટેલનાઓને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,'' પોલીસે એક તૈયાર લખેલા પંચનામા મા સહી કરવાનુ કહેતા મે મારી સહી કરી આપલીતે સીવાય પંચનામા વીશે હુ કશુ જાણતો નથી. મારી હાજરીમાં કોઈ આરોપીને અટક કરેલ હોય તેવુ બનેલ નહી. આજરોજ મને પંચનામુ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા પંચ નં–૨ તરીકે મારી સહી છે જે હુ ઓળખુ છુ જે પંચનામાને રજુ દાખલ આંક–૨૩ આપવામા આવે છે. પોલીસે મારી હાજરીમા કોઈ ઈસમને મારી હાજરીમાં અટક કરેલ હોય તેવુ બનેલ નથી.''

સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા (હોસ્ટાઈલ) જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ અન્વયે એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા સદર સાહેદે એવુ જણાવેલ છે કે '' એ વાત ખરી નથી કે તારીખ: ૨૬/૦૭/૨૦૨૩ ના રોજ પોલીસે મને ધાનપુર બારીયા ચોકડી પર લીમખેડા તરફ જતા રોડ ઉપર પંચમાં રહેવા બોલાવેલો ત્યાં એક સ્લેન્ડર મોટર સાઈકલ રાહદારીની જીંદગી જોખમમા મુકાય તે રીતે પુરઝડપે ચલાવી લાવતા હોય તેઓને ઉભા રાખી તેમનું નામ ઠામ

પુછતા ઉમેશભાઈ રામસિંગભાઈ બારીયા રહે. નળુના હોવાનું જણાવેલુ જેમની મો.સા.નો નંબર જોતા જીજે.૨૦.એ.એસ.૯૦૪૪. નો હતો અને તેઓની અટક અમારી હાજરીમાં કરેલા જેનુ વિગતવારનુ પંચનામુ પોલીસે મારી હાજરીમાં કરેલુ.'' જયારે સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવુ સ્વીકારેલ છે કે,એ વાત ખરી છે કે પંચનામા વીશે મને કોઈ જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે પંચનામુ પોલીસે મને વાંચી સભંળાવેલુ નહી.''

(૧૧.૩.૩) ફરીયાદપક્ષે આંક–૨૪ થી ઈન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ **સંજયભાઈ ભયલાભાઈ તંબોળીયાનાઓને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ''પોલીસે મને ભોરવા બસ સ્ટેશન પાસે પંચમાં રહેવા બોલાવેલા. ત્યા એક તૈયાર લખેલા પંચનામા સહી કરવાનુ કહેતા મે મારી સહી કરી આપેલી તે સીવાય પંચનામા વીશે હુ કશુ જાણતો નથી. આજરોજ મને આંક–૨૩ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા પંચ નં –૨ તરીકે મારી સહી છે .જે હુ ઓળખુ છુ. પોલીસે મારી હાજરીમા કોઈ ઈન્કવેસ્ટ પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી.

સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા (હોસ્ટાઈલ) જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ અન્વયે એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા સદર સાહેદે એવુ જણાવેલ છે કે '' એ વાત ખરી નથી કે તારીખ: ૨૬/૦૧/૨૦૨૪ ના રોજ પોલીસે મને ધાનપુર સી.એચ.સી. દાવાખાનામાં પંચમાં રહેવા બોલાવેલા. ત્યા નટવરભાઈ રામસીંગભાઈ સંગાડાનાઓ હાજર હોય અમોને સુક્રમભાઈ રાયસીંગભાઈની લાશ ઓળખી

બતાવે લી તેમને આખી બાચનું શર્ટ પહેરેલુ હતુ તેમજ સફેદ કલરનું જીન્સ પેન્ટ પેરેલુ હતુ તેમને બોચીના ભાગે ગંભીર પ્રકારની ઈજા થયેલી હતી અને તેઓ મરણ ગયેલા હતા જે અંગેનું પંચનામું મારી હાજરીમાં કર્યા બાદ મે તેમા સહી કરેલી.'' જયારે સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકિકત કબુલેલ છે કે, '' એ વાત ખરી છે કે પંચનામા વિશે મને કોઈ જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે પંચનામું પોલીસે મને વાંચી સંભળાવેલુ નહી.''

## <u>(૧૧.૫) પોલીસ સાહેદોની જુબાની:–</u>

(૧૧.૫.૧.) બાદમાં ફરીયાદપક્ષે ત.ક.અ **નયનસિંહ નાગભા પરમારનાઓને** આંક–૩૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેમા તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, સને ૨૦૨૫ ની સાલમાં હું ધાનપુર પો.સ્ટે. હે.કો. તરીકે મારી ફરજ પર હાજર હતો તે દરમ્યાન ધાનપુર પો.સ્ટે. ગુર.નં. ૦૧૯૭/૨૦૨૫, ભારતીયા ન્યાય સંહિતાની કલમ– ૨૮૧ , ૧૨૫(એ), ૧૨૫(બી), તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો દાખલ કરી તપાસ અમોને સોંપતા ત્યારબાદ ગુનાવાળી જગ્યાએ તપાસ કરી ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી પંચોની સહી લઈ રુબરુ મે સહી કરેલી. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના લખાવ્યા મુજબના નિવેદન નોંધેલા ત્યારબાદ ઈજાપામનાર સાહેદોના મેડીકલ સર્ટીફીકેટ મેળવેલ. આમ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અટક કરી આરોપી વિરુધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીને જોયેથી ઓળખુ છુ જે આજરોજ કોર્ટમાં હાજર નથી.

સદર ત.ક.અ સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકિકત કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યાએ દિવસ દરમ્યાન ઘણા બધા મણસો અને વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યાએથી તપાસના કામે કોઈ ચીજવસ્તુ કબ્જે લીધેલી નહી. એ વાત ખરી છે કે બનાવ વાળી

જગ્યાએ સ્પીડ બ્રેકર આવેલ છે. એ વાત ખરી છે કે આ કામના તમામ સાહેદો ફરીયાદીના ઘરના તેમજ સંબધીઓ છે. એ વાત ખરી છે કે આ કામે સ્કુલવાનના ચાલકનું કોઈ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે આ કામે સ્કુલનું રજીસ્ટરની મે કોઈ ચકાસણી કરેલ નહી. એ વાત ખરી છે કે આ કામે અકસ્માત કરનાર વાહનો કોઈ આર.ટી.ઓ. ટેસ્ટ કરાવેલ નહી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદનો લખાવ્યા મુજબના લખેલા નહી. એ વાત ખરી નથી કે પંચનામું પંચોની હાજરીમાં અને પંચોના લખાવ્યા મુંજબનું લખેલુ નહી. એ વાત ખરી છે કે આ કામના ફરયાદી ફાઈનાન્સ માં નોકરી કરેલ છે.''

## <u>(૧૨) કાયદાઓની જોગવાઈઓ</u>

આ કામે આરોપી સામે જે ધારાઓ અન્વયે ગુનાઓનો આક્ષેપ પ્રોસીકયુશન દ્વારા મુકવામાં આવેલ છે તે ધ્યાને લઈએ તો ઈ.પી.કો કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪,૧૩૪, ૩,૧૮૧ મુજબના આક્ષેપો છે.

જેમાં મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ જણાવવામાં આવેલ છે અને તેની સાથે તેના આવશ્યક તત્વો વર્ણવવામાં આવેલા છે.

**(૧૨.૧)** આમ, આ કામે રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની સાથે આ કામે **આઈ.પી.સી કલમ–૨૭૯** ના આવશ્યક તત્વો જોતા,
(૧)જાહેર રસ્તા ઉપર વાહન હંકારવું અથવા સવાર થવું,
(2)આવુ વાહન બેદરકારીભર્યુ અથવા બેફામપણે હંકાર્યુ હતુ અને
(૩)તેમ કરવાથી માનવ જિંદગી જોખમમાં મુકાતી હતી અથવા નાગરીકની સ્વતંત્ર તા જોખમમાં હતી અથવા તેમ કરવાથી કોઈ વ્યકિતને હાનિ ઈજા થવાની શકયતા હતી. આમ, આ આવશ્યક તત્વો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે એ પુરવાર કરવું જ પડે કે વાહન જાહેર રસ્તા ઉપર એવી ઘોર ઉપેક્ષા અને બેદરકારી અને ગફલતભરી રીતે હાંકવામાં આવેલુ હતુ કે જેથી માનવજીવન જોખમમાં મુકાય તેમ હતુ.

**(૧૨.૨)** આ કામે આરોપી સામે આક્ષેપાયેલ ઈ.પી.કોડની કલમ–

૩૦૪(અ) ના આવશ્યક તત્વો ધ્યાને લેવામાં આવે તો,

(૧) કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજયું,

(૨) આ મૃત્યુ આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપુર્વક આચરેલા કૃત્યના કારણે નિપજયું,

(૩) આ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ ન હતો

આ કલમ હેઠળનાં ગુન્હામાં મહત્વનું તત્વ ઈરાદો તથા જ્ઞાનનો અભાવ છે. કલમમાં જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ મનુષ્યવધનો એવો કિસ્સો ગણાય જેમાં અપરાધનું તત્વ હોતું નથી અને તેથી સાપરાધ મનુષ્યવધ ગણાય નહી, પરંતુ બેદરકારીની ઉંચી માત્રા, અપેક્ષા કરતા વિરૂધ્ધનું વર્તન હોવાનાં કારણે તે ગુન્હાહિત બેદરકારી ગણાય અને તે કારણે સજાને પાત્ર થાય છે. સામાન્ય રીતે બેદરકારીભર્યુ વર્તન એ અંગત બાબત છે. તેમાં સામુહિક જવાબદારી કે મદદગારી આવે નહી. અન્યનાં કહેવા પ્રમાણે પોતે વર્તન કર્યુ તેવો બચાવ પણ આ પ્રકારનાં કૃત્યમાં ચાલી શકે નહી. બેદરકારીભર્યુ વર્તન, આચરણ કે કૃત્ય વ્યકિત અંગતપણે કરે છે.

**(૧૨.૩) આઈ.પી.સી કલમ–૩૩૭** "બીજાના જીવન અથવા વ્યક્તિગત સુરક્ષાને જોખમમાં મૂકતા કૃત્યો" (Act endangering life or personal safety of others) છે.

આઈ.પી.સી કલમ–૩૩૭ ના મુખ્ય તત્વો:

૧.ઉતાવળિયું કે બેદરકાર કૃત્ય (Rash or Negligent Act): વ્યક્તિ દ્વારા કરવામાં આવેલું કૃત્ય અત્યંત બેદરકારીભર્યું હોવું જોઈએ.

૨ માનવ જીવનને જોખમ (Endangering Human Life): તે કૃત્યથી અન્ય વ્યક્તિના જીવનને વાસ્તવિક જોખમ ઊભું થવું જોઈએ.

૩. વ્યક્તિગત સુરક્ષાને જોખમ (Endangering Personal Safety): તે કૃત્યથી બીજાની સુરક્ષા જોખમાઈ શકે છે.

૪.સામાન્ય જોખમ (General Hazard): કૃત્ય એવું હોવું જોઈએ જે સામાન્ય જનતા કે કોઈ એક વ્યકિત માટે જોખમ ઊભું કરે.

**(૧૨.૪) આઈ.પી.સી કલમ–૩૩૮** એવા કૃત્ય સાથે સંબંધિત છે જે અન્ય લોકોના જીવન અથવા વ્યક્તિગત સુરક્ષાને જોખમમાં મૂકીને ગંભીર ઈજા (Grievous Hurt) પહોંચાડે છે.

આઈ.પી.સી કલમ–૩૩૮ ના આવશ્યક તત્વો (Essential Elements) આ કલમ હેઠળ ગુનો સાબિત કરવા માટે નીચેના તત્વો જરૂરી છેઃ

૧. કૃત્ય કરવું (Act committed): વ્યક્તિ દ્વારા કોઈ કૃત્ય કરવામાં આવ્યું હોવું જોઈએ.

૨. બેદરકારી અથવા ઉતાવળ (Rashness or Negligence): તે કૃત્ય યોગ્ય ફાળજી અથવા સાવધાની વિના (બેદરકારી પૂર્વક) કરવામાં આવ્યું હોવું જોઇએ.

૩. જીવનને જોખમ (Endangering Life): આ બેદરકારીભર્યું કૃત્ય અન્ય વ્યક્તિના જીવન અથવા વ્યક્તિગત સુરક્ષાને જોખમમાં મૂકે તેવું હોવું જોઈએ.

૪ ગંભીર ઈજા (Grievous Hurt): તે કૃત્યના પરિણામે કોઈ વ્યક્તિને ગંભીર ઈજા થવી જોઈએ (જેમ કે હાડકું તૂટવું, કાયમી ખોડખાંપણ વગેરે).

**(૧૩)** આ કામે ફરીયાદપક્ષે રજૂ થયેલ ફરીયાદના આધારે ઉપરોકત તમામ કાયદાકીય જોગવાઈઓને એકસાથે ધ્યાને લેવામાં આવે તો , સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૨ થી તપાસવામાં આવેલ નટવરભાઈ રાયસીંગભાઈ સંગાડાનાઓનું સમગ્ર પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપતા નથી તથા તેઓ ફરીયાદપક્ષને સમર્થન કરતા નથી. તેઓ જણાવે છે કે '' એ વાત ખરી નથી કે , મે મારી ફરીયાદમાં મોટર સાયકલનો નંબર જી. જે. ૨૦ એ.એલ ૩૨૫૧ નો લખાવેલો. આમ, ફરીયાદી પોતાના કેસને સમર્થનકારક જુબાની આપતા નથી. તેમજ તેઓની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં પણ જણાવેલ છે કે '' મારી ફરીયાદમાં અકસ્માત કરનાર મો.સાનો નંબર લખાવેલ નહી કે તેનો નંબર જોયેલો નથી, એ વાત ખરી છે કે હું ક્રિકેટ રમતો હતો એટલે બનાવ બનતા મે નજરે જોયેલો નહી તેમજ વળતર માટે કેસ કરેલો હોવાનું જણાવેલ

છે.

આમ,ખુદ ફરીયાદી કે જેઓને આ કેસના મુખ્ય સાક્ષી ગણી શકાય તેઓ જ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા નથી અને ફરીયાદ હકિકતોથી વિરોધાભાસી હકીકતો જણાવે છે. જેથી ફરીયાદીનો પુરાવો માનવાલાયક જણાઈ આવતો નથી જેથી સદર ફરીયાદીની જુબાનીથી ફરીયાદપક્ષના કેસની હકિકતને સમર્થન મળતુ નથી એવુ મારુ માનવાનું થાય છે.

જયારે આ કામે આંક–૧૪ થી તપાસવામાં આવેલ સાહેદ અર્જુનભાઈ મલસીંગભાઈ સુવાણનાઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે કે બનાવવાળા દિવસે તેઓ સુક્રમભાઇ સાથે તેમની બાઈક લઈને ક્રિકેટ રમવા માટે જતા હતા તે વખતે એક મો.સા સાથે તેમનો અકસ્માત થયેલો અને તેમને ઈજા થવાથી તેઓ બે ભાન થઈ ગયેલા અને પંદર દિવસ પછી તેઓને ભાન આવતા તેમની સાથેના સુક્રમભાઈનું મરણ થઇ ગયેલ તેવુ તેમને જાણવા મળેલું. સદર સાહેદ જણાવે છે કે અકસ્માત કરનાર મો.સાનો ચાલક કોણ હતો અને મો.સાનો નંબર શું હતો તેની તેમને પાછળથી પણ ખબર પડેલી નહી. તમેજ સદર સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના જવાબમાં અકસ્માત કરનાર મો.સા એચ.એફ ડિલક્ષ હતી અને તેનો નંબર જી.જે.૨૦.એ.એલ ૩૨૫૧ નો લખાવેલો. તેમજ સદર સાહેદે તેમની ઉ.ત માં પણ કબુલ રાખેલ છે કે હુ બે–ભાન થઈ ગયેલો એટલે બનાવ વિશે મને કોઈ જાત માહિતી નથી અને પોલીસે માત્ર મારુ નામ સરનામું પુછેલુ તેવુ જણાવેલ છે. જેથી સદર સાહેદની જુબાની જોઈએ તો સદર સાહેદ ઈજા પામનાર છે અને તેઓ જ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન આપતા નથી અને ફરીયાદ કરતા વિરોધાભાસ હકિકતો જણાવે છે. જેથી સદર સાહેદની જુબાનીથી પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરી શકેલ નથી.

વધુમાં આ કામે આંક–૧૬ થી તપાસવામાં આવેલ સાહેદ સુમતભાઇ અભેસીંગભાઈ સંગાડાનાઓનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ બનાવવાળા દિવસે તેઓ ભોરવા સુનીલભાઈની દુકાને હતા તે

વખતે બનાવ બનેલો અને ૧૦૮ ને ફોન કરીને અર્જુનભાઈને અગાસવાણી સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા અને સુક્રમભાઈ સ્થળ ઉપર મરણ પામેલા. સાહેદ જણાવે છે કે અકસ્માત કરનાર મો.સા નો ચાલક કોણ હતો અને મો.સા નો નંબર શું હતો તેની તેમને પાછળથી પણ જાણ થયેલી નહી. સદર સાહેદ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન આપતા ના હોય હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના જવાબમાં અકસ્માત કરનાર મો.સા એચ.એફ ડિલક્ષ હતી અને તેનો નંબર જી.જે.૨૦ એ.એલ.૩૨૫૧ નો લખાવેલો. બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ સાહેદ કબુલ રાખે છે કે મે મારા પોલીસ રૂબરુના જવાબમાં અકસ્માત કરનાર મો.સાનો નંબર લખાવેલ નહી કે તેનો નંબર જોયેલો નહી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ગયો ત્યારે સુક્રમભાઈને મરણ ગયેલ હાલતમાં જોયેલા તે સિવાય બીજું કાઈ જોયેલું નહી. જેથી સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષની હકીકત વચ્ચે વિરોધાભાસ જણાઇ આવે છે. જેથી આ સાહેદના પુરાવા ઉપરથી પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરી શકેલ નથી.

વધુમાં આ કામે આંક–૧૭ થી સાહેદ વનીતાબેન સુક્રમભાઈ સંગાડાનાઓનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો બનાવવાળા દિવસે તેઓ તેમના ઘરે હતા અને બનાવની જાણ થતા તેઓ બનાવ સ્થળે ગયેલા હોવાનું જણાવેલ છે. બનાવવાળા સ્થળ ઉપર તેઓ ગયા ત્યારે ત્યા સુક્રમભાઈ અને અર્જુનભાઈ પડેલા હતા અને સુક્રમભાઈ ત્યા સ્થળ ઉપર મરણ ગયેલ હતા. તેમણે બનાવવાળા સ્થળ ઉપર બીજી કોઈ ચીજવસ્તુ જોયેલી નહી અને બનાવ બાબતે પોલીસે તેમનો જવાબ લીધેલો નહી હોવાનું જણાવેલ છે. સદર સાહેદ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન કરતા ના હોય હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના જવાબમાં અકસ્માત કરનાર મો.સા એચ.એફ.ડિલક્ષ હતી અને તેનો નંબર–જી.જે.૨૦ એ.એલ.૩૨૫૧ નો લખાવેલો. સદર સાહેદની જુબાની પણ ફરીયાદપક્ષને સમર્થનકારક નથી. જેથી આ સાહેદના પુરાવા ઉપરથી પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરી શકેલ નથી.

વધુમાં આ કામે આંક–૧૮ થી સાહેદ અભેસીંગભાઈ સીતીયાભાઈ સંગાડાનાઓનો પુરાવો જોવામાં આવે તો બનાવવાળા દિવસે તેઓ ઝાલોદ હતા અને તેમની પત્નીએ ફોન કરીને તેમને બનાવની માહીતી આપેલી. તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા ત્યા મો.સા પડેલી જોયેલી અને તેનો નંબર જોયેલો પણ હાલ યાદ નહી હોવાનું જણાવેલ છે. સદર સાહેદ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન કરતા ના હોય હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના જવાબમાં અકસ્માત કરનાર મો.સા એચ.એફ ડીલક્ષ હતી અને તેનો નંબર જી.જે. ૨૦ એ.એલ.૩૨૫૧ નો લખાવેલો. તેમજ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ એવુ સ્વીકારેલ છે કે બનાવવાળા સમયે હું ઝાલોદ હતો તેથી મે બનાવ નજરે જોયેલો નહી. જેથી સદર સાહેદની જુબાની પણ ફરીયાદપક્ષને પોતાનો કેસ સાબિત કરવામાં ઉપયોગી થતી નથી.

વધુમાં આ કામે આંક–૧૯ થી બુધીયાભાઇ તીતરીયાભાઈ સંગાડાનાઓનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા અને બનાવવાળા સ્થળે અકસ્માત થતા બધા ત્યાં દોડીને જતા હોય તેઓ પણ ગયેલા . બનાવ બાબતે પોલીસે તેમનો જવાબ લધેલો નહી અને અકસ્માત કરનાર મો.સાનો ચાલક કોણ હતો અને મો.સાનો નંબર શું હતો તેની તેમને પાછળથી પણ જાણ થયેલી નહી હોવાનું જણાવેલ છે. સદર સાહેદ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ના હોય હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના જવાબમાં અકસ્માત કરનાર મો.સા એચ.એફ ડીલક્ષ હતી અને તેનો નંબર જી.જે. ૨૦ એ.એલ.૩૨૫૧ નો લખાવેલો. જેથી આ સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષને પોતાની હકિકત સાબિત કરવામાં ઉપયોગી નિવડતો નથી.

આ કામે આંક–૨૧નું પંચનામું સાબિત કરવા માટે આંક–૨૦ થી પંચસાહેદ મુકેશભાઇ ભચલાભાઈનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો જોતા તેમણે એક તૈયાર લખેલા પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલી તે સીવાય પંચનામા વીશે

તેઓ કશુ જાણતા નથી.સદર પંચસાહેદ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકિકતને સમર્થના આપતા ના હોય ફરીગયેલા જાહેર થયેલા છે. તેમજ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ સ્વીકારેલ છે કે એ વાત ખરી છે કે આ પંચનામાં વિશે મને કોઈ જાત માહિતી નથી અને પોલીસે પંચનામું મને વાંચી સંભળાવેલ નહી તેવુ જણાવેલ છે. જેથી આ પંચસાહેદની જુબાનીથી પણ ગુનાવાળી જગ્યાના પંચનામાની હીકકતને સમર્થન મળતું નથી. જેથી સદર પંચનામાને આંક પડી ગયેલ હોવા છતાં પુરવાર થયેલ ગણી શકાય નહી.

આ કામે આંક–૨૩ વાળું ઈન્કવેસ્ટ પંચનામું સાબિત કરવા માટે આંક– ૨૨ થી પંચસાહેદ મુકેશભાઇ પ્રભાતભાઈ અને આંક–૨૪ થી પંચસાહેદ સંજયભાઇ ભયલાભાઈનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર બંને સાહેદો એક તૈયાર લખેલા પંચનામામા સહી કરવાનું કહેતા તેમણે તેમની સહીઓ કરેલી તે સ્વિાય પંચનામા વિશે તેઓ કશુ જાણતા નથી અને તેમની હાજરીમાં પોલીસે કોઈ ઈન્કવેસ્ટ પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી તેવુ જણાવેલ છે. સદર બંને સાહેદો પંચનામાની હકિકતને સમર્થન કરતા ના હોય ફરીગયેલા જાહેર થયેલ છે. તેમજ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ પંચનામા વિશે તેમને કોઈ જાતમાહિતી નથી અને પોલીસે તેમને પંચનામું વાંચી સંભળાવેલ નહી હોવાનું જણાવેલ છે. જેથી સદર ઈન્કવેસ્ટ પંચનામાને આંક પડી ગયેલ હોવા છતાં પુરવાર થયેલ ગણી શકાય નહી.

આ કામે આંક–૨૫ થી સાહેદ દિલીપભાઇ બુધીયાભાઇ સંગાડાનાઓનો પુરાવો ધ્યાને લેતાં તેઓ બનાવ સમયે કાઠીયાવાડ હતા અને અકસ્માતની જાણ થતા તેઓ ઘરે આવી સુક્રમભાઈની સ્મશાન વિધીમાં ગયેલા.  સુક્રમભાઈને કયા અને કેવી રીતે ઈજા થયેલી તે તેમણે જોયેલ નહી અને અકસ્માત કોની સાથે થયેલો તેની પણ તેમને જાણ નથી. સદર સાહેદ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ના હોય સદર સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના જવાબમાં બનાવ સમયે હું મારા ઘરે હતો તે વખતે મને

વાતો વાતોથી જાણવા મળેલ કે સુક્રમભાઈ ભોરવા ડોગઝર મહુડા પાસે અકસ્માત થયેલો છે તેવી જાણ થતા હું ત્યા ગયેલો અને ત્યા જોયુ ત્યારે સુક્રમભાઈને માથાના ભાગે તેમજ ડાબી આંખ ઉપર તેમજ જમણા પગે ઈજા થયેલી હતી અને તેઓ મરણ ગયેલા હતા. અકસ્માત કરનાર મો.સા એચ એફ ડીલક્ષ હતી અને તેનો નંબર જી.જે. ૨૦ એ.એલ. ૩૨૫૧ નો લખાવેલો.જેથી આ સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષને ઉપયોગી સાબિત થતો નથી.

આ કામે આંક–૨૬ થી સાહેદ રમેશભાઈ ખાપરભાઈ સંગાડાનાઓનો પુરાવો ધ્યાને લેતાં બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા અને વાતો વાતોથી જાણવા મળેલ જેથી તેઓ બનાવસ્થળે ગયેલ. સદર સાહેદ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન કરતા ના હોય હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરુના જવાબમાં એવી હકિકત જણાવેલ કે અકસ્માત કરનાર મો.સા એચ.એફ.ડીલક્ષ હતી અને તેનો નંબર જી.જે.૨૦.એ.એલ.૩૨૫૧ નો લખાવેલો. જેથી સદર સાહેદનો પુરાવો જોતા પણ ફરીયાદપક્ષને સમર્થનકારક પુરાવો આપેલ નથી. આથી આ સાહેદની જુબાનીથી પણ ફરીયાદ હકિકત સાબિત થતી નથી.

સદર કામે આંક–૩૦ થી ત.ક.અ.નયનસિંહ નાગભા પરમારનાઓનો પુરાવો ધ્યાને લેતાં તેમણે તેમની ફરજના ભાગરૂપે કરેલ કામગીરી અનુરૂપ પુરાવો આપેલ છે. આ કેસનુ સમગ્ર રેકર્ડ જોતા અને ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર આ કામના મુળ ફરીયાદી, સાહેદો તેમજ તમામ પંચ સાહેદો ફરીયાદપક્ષની હકિકતોને સમર્થનકારી જુબાની આપતા નથી અને અને આ કામે ફરીયાદમાં કોઈ આરોપીનું નામ દર્શાવેલ નથી કે ચાર્જશીટના લીસ્ટ મુજબના નિવેદનોમાંના કોઈપણ નિવેદનમાં આરોપીનું નામ ખુલવા પામેલ નથી તથા તેઓએ ૧૦૮ ના કર્મચારીનું કોઈ નિવેદન લીધેલ નથી. ફરીયાદી, તમામ સાહેદો અને પંચો ફરીયાદક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જેથી હાલના તપાસ કરનાર અમલદારનો પુરાવો પણ ગૌણ બની રહે છે અને ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ ન હોય ત.ક.અ નો પુરાવો પણ માનવાલાયક જણાઈ આવતો નથી.

(૧૪) આમ, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા જોતાં સદર બનાવમાં સાહેદનું મોત તેમજ બીજા સાહેદને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ હોવાની હકીકત ફલીત થાય છે, પરંતુ આ કામના આરોપીની બેદરકારીને કારણે જ અકસ્માત થયેલ છે અને અકસ્માત સમયે અકસ્માત કરનાર વાહન આ કામના આરોપી જ ચલાવતા હતા તે હકિકત ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. આ કામે ફરીયાદી સહીત તમામ સાહેદો ફરીયાદપક્ષની હકિકતને સમર્થન આપતા નથી અને હોસ્ટાઈલ થયેલા છે. ખુદ ફરીયાદ કરનાર ફરીયાદી જ પોતાના કેસની હકિકતને સમર્થન કરતા નથી તેમજ બીજા સાહેદો પણ હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને તમામ પંચસાહેદો પણ હોસ્ટાઈલ જાહેર થયેલ છે તેથી ગુનાવાળી જગ્યાનુ પંચનામું અને ઈન્કવેસ્ટ પંચનામું પણ સાબિત થયેલ નથી. તેમજ આ કામે રજુ કરવામાં આવેલ આંક-૨૭ અને આંક-૨૮ ના મેડીકલસર્ટી પુરવાર કરવા માટે કોઈ ડોકટર સાહેદ કે મેડીકલ ઓફીસરને તપાસેલ નથી અને ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષની હકિકત નિ:શંકપણે સાબિત થયેલ નથી. જેથી સદર બંને સર્ટીફીકેટોને આંક પડી ગયેલ હોવા છતાં પુરવાર માની શકાય નહી અને તેના આધારે આરોપીને દોષિત ઠેરવી શકાય નહી. જયારે આ કામના ત.ક.અ. પણ પોતાની ફરજના ભાગરૂપે કામગીરી કરેલી છે જયારે ફરીયાદી, તમામ સાહેદો અને પંચો ફરીયાદપક્ષે ફરીગયેલા જાહેર થયેલા હોય ત્યારે ત.ક.અનો પુરાવો પણ ગૌણ બની રહે છે અને ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ જણાઈ આવતો નથી.

જેથી આ તમામ હકિકતો અને સંજોગો ધ્યાને રાખતા આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ઈ.પી.કો કલમ- ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ કલમ- ૧૭૭, ૧૮૪,૧૩૪, ૩,૧૮૧ મુજબના કોઈ મહત્વના તત્વો ફલીત કરતો પુરાવો આ ઉપરોકત સાહેદો દ્વારા પોતાની સોગંદ પરના પુરાવામાં જણાવવામાં આવેલ નથી. ત્યારે આ પુરાવા આધારે હાલના આરોપીને ઈ.પી.કો કલમ- ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ કલમ- ૧૭૭, ૧૮૪,૧૩૪, ૩,૧૮૧ મુજબના ગુનાઓ માટે

તકસીરવાન ઠરાવવા માટે કોઈ નકકર પુરાવાઓ આ કામે ફરિયાદ પક્ષે રજુ કરવામાં આવેલ નથી તેમજ આ કામે હાલના આરોપી બનાવ સમયે અકસ્માતવાળુ વાહન ચલાવતા હોવાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આથી, આરોપીની બેદરકારીના કારણે બનાવ બનેલ હોવા અંગે શકા ઉપસ્થિત થાય છે. આથી ફરીયાદ પક્ષના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આરોપી સામેના ગુનાના તત્વો નિ:શંકપણે પુરવાર થતા નથી.

**(૧૫)** ફરીયાદ પક્ષ તરફે અકસ્માતના કેસોમાં મુખ્યત્વે નીચે જણાવેલ હકીકતો સાબિત કરવાની હોય છે.

૧) અકસ્માત સમયે અકસ્માત કરનાર વાહનનો ચાલક આરોપી હતો.

૨) અકસ્માત સમયે આરોપીએ વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારી પૂર્વક હકારેલ હોવાના કારણે અકસ્માત થયેલ.

૩) સવારી રાખનારની બેદરકારીના કારણે અકસ્માત થયેલ હોય.

૪) અકસ્માતના કારણે સાહેદનું મોત નીપજેલ હોય

આમ, ઉપરોક્ત ચર્ચા ધ્યાને લેતા રજુ દસ્તાવેજી કાગળ જોવામાં આવે તો આ કામે તપાસેલ સાહેદોને જયારે વાહનના ડ્રાઈવર વિશે તેઓને કોઈ જ જાતમાહિતી નથી. આમ આ સાથે જયારે અકસ્માત કરનાર ડ્રાઈવર આરોપી જ હતો તેવું પુરવાર થતુ નથી. **<u>ત્યારે નામ. સુપ્રિમ કોર્ટના બસપ્પા વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકામાં નામ. કોર્ટે નોંધેલ છે કે અકસ્માત સમયે વાહન હંકારનારની ઓળખ સાબીત થવી જોઈએ.</u>** જયારે આ કેસની ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ઓળખ સાબીત થતી નથી, જેથી આરોપીએ વાહનનો કબજો ધરાવી તેની બેદરકારીના કારણે અકસ્માત થયાનું પુરવાર થતુ નથી. તેથી આરોપીને દોષીત માની શકાય નહી અને માત્ર

અનુમાન કે ધારણાના આધારે બેદરકારી કે ઓળખ નકકી કરી શકાય નહી. જેથી, ફાયદાની જોગવાઈઓ અનુસાર આરોપીને શકાનો લાભ આપવો વ્યાજબી અને ન્યાયી જણાય છે.

આમ, ફરિયાદ પક્ષ બનાવ સ્થળ સાબિત કરી શકેલ નથી. સાહેદોની જુબાનીમાં વિસંગતા જણાઈ આવે છે. તટસ્થ સાહેદોને તપાસવામાં આવેલા નથી. ત્યારે પ્રોસીકયુશન આરોપી વિરુધ્ધ ઈ.પી.કો કલમ- ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ કલમ- ૧૭૭, ૧૮૪,૧૩૪, ૩,૧૮૧ મુજબ શંકાથી પૂર સાબિત ન કરેલાનુ મારુ માનવુ થાય છે.

(**૧૬**) આ કામના આરોપીઓ ઉપર ફોજદારી ગુનાનુ તહોમત હોય, ક્રિમીનલ જયુરીસ્પુડન્સ મુજબ ફોજદારી કામમાં ફરીયાદ પક્ષની એ મૂળભૂત ફરજ બની રહે છે કે આરોપીઓ સામેનો કેસ સબળ, સચોટ, વિશ્વસનીય અને આધારભૂત પુરાવાથી કેસ પુરવાર કરે. સદરહું કેસમાં ફરીયાદપક્ષ આવો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ ગયેલ હોય તેવા સંજોગોમાં સદર કેસમાં પડેલ પુરાવાના આધારે હાલના કેસની હકીકતો જોતાં અને આ અંગે સેટલ લો ને ધ્યાન સમક્ષ રાખી આરોપીને સજા કરી શકાય નહી તેવુ સારુ વિનમ્રપણે માનવુ છે.

## -::આખરી હુકમ::-

૧. આ કામના આરોપી દિપાભાઈ ગેમાભાઈ મેડા રહે.ચીલાકોટા, જુનાગામ ફળીયા, તા. લીમખેડા, જી.દાહોદનાઓને બી.એન.એસ.એસ કલમ-૨૭૮ હેઠળ તેમની સામેના ઈ.પી.કો કલમ- ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ કલમ- ૧૭૭, ૧૮૪,૧૩૪, ૩,૧૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ ની

જોગવાઈઓ અનુસાર આરોપીએ રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર પુરા) ના જામીન તથા બોન્ડ છ માસ માટે આપવા.

હુકમ આજરોજ તારીખ: ૧૩ મી, માહે– ઓગષ્ટ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| સ્થળ:– ધાનપુર | **(રોહન રાજેન્દ્રકુમાર સુતરીયા)** |
| તારીખ:–૧૩/૦૮/૨૦૨૬ | **મુખ્ય જે. એમ. એફ. સી, ધાનપુર** |
| | **જજ કોડ જી.જે.૦૧૪૫૭** |